# સચિવાલયમાં કોરોનાનો કહેર વધ્યો

## અનેક મંત્રીઓના સ્ટાફ કોરોન્ટાઇન : રાજ્ય સરકાર ગૃહ ચલાવવા મક્કમ : અધિકારીઓની શોર્ટેજ સહિત વધી રહેલ કોરોનાને લઇને ચાલુ બજેટ સત્ર ટૂંકાવાશે તેવી એક વાતે જોર પકડ્યું હતું

ગાંધીનગર,તા.૨૨
કોરોનાની બીજી લહેર દરમ્યાન સચિવાલયમાં ૫ સેક્રેટેરી સહિત મંત્રી ઈશ્વર પરમાર, આર સી ફળદુ, દિલીપ ઠાકોર, પરસોત્તમ સોલંકીનો સ્ટાફ કોરોના સંક્રમિત થવાને કારણે કોઈક હૉસ્પિટલમા સારવાર લઈ રહ્યા છે તો કેટલાક હૉમ કોરોન્ટાઈન થયા છે. કૃષિ મંત્રી ફળદૂને ત્યાં સેક્રેટરી મહેશ લાડ, રોજગાર મંત્રી દિલીપ ઠાકોરને ત્યા ધર્મજીત યાજ્ઞિક અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વર પરમારને ત્યા ક્લાર્ક કોરોના પોઝિટિવ આવ્યા છે.

આ ત્રણેય મંત્રી ઓફિસોમાં આ બીજી વખત કોરોનાના કેસ નોંધાયા છે. જ્યારે વિવિધ વિભાગોમાં કોરોનાના કેસ જોઈએ તો, જીએડી વિભાગમાં કેતન સુથાર, મહેસૂલ વિભાગમાં અમિત ઉપાધ્યાય, પંચાયત વિભાગમાં આશિષ વાલા, ફોરેસ્ટ વિભાગના વિપુલ વસાવા જેવા અધિકારીઓ કોરોના સંક્રમિત થયા છે. જેને કારણે તેમની હેઠળનો સ્ટાફ પણ હૉમ કૉરોન્ટાઈન થયો છે. ત્યારે અધિકારીઓની શોર્ટેજ સહિત વધી રહેલા કોરોના સંક્રમણને લઈને ચાલુ બજેટ સત્ર ટૂંકાવાશે તેવી એક વાતે જોર પકડ્યું હતું. ત્યારે આ મુદ્દે સ્પષ્ટતા કરતા ડે. સીએમ અને આરોગ્ય પ્રધાન નિતિન પટેલે કહ્યું છે કે, ‘બજેટ સત્ર ટૂંકાવવાની કોઈ જરુર નથી, કારણકે ગયા વર્ષની જેમ આ વખતે ગંભીર સ્થિતિ નથી.

આમ રાજ્ય સરકાર બજેટ સત્ર ટૂંકાવીને તેમના આગામી આયોજનો ખોરંભે પડે તેમ નથી ઈચ્છતી. રાજ્ય સરકાર બજેટ સત્રમાં ત્રણ નવા સુધારા વિધેયક લાવવાની તૈયારી કરી રહી છે. ચાલુ સત્રમાં ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ બાબત સુધારા વિધેયક આવશે. આ ઉપરાંત આયુર્વેદ , હોમિયોપેથી અને નેચથેરાપી વિધાશાખાઓની બિન સહાયિત કોલેજાના માટે પણ સુધારા કરવામાં આવશે. ગુજરાત પંચાયત સુધારા વિધેયક પણ ગૃહમાં રજૂ કરવામાં આવશે. જિલ્લા પંચાયત હસ્તકની પરીક્ષાઓ અને ભરતીઓના મુદ્દે સુધારા વિધેયક આવશે. પંચાયત સેવા વર્ગ-૩ ની તમામ ભરતીઓ ગુજરાતી પંચાયત સેવા પસંદગી મંડળને આપવાની જાહેગવાઈ કરવામાં આવશે.

ગુજરાત અશાંત ધારા વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી ઉપર પ્રતિબંધ મૂક્ત સુધારા વિધેયક પણ લવાશે. અત્રે ઉલ્લેખની છે કે , હાલ બજેટ સત્ર ચાલી રહ્યું છે અને આગામી દિવસોમાં આ વિધેયકો ઉપર ગૃહમાં ચર્ચા પણ હાથ ધરવામાં આવશે.

### ખૂણેખાંચરેથી

- શહેરના જાણિતા ઉદ્યોગપતિ અને કલ્ચરલ ફોરમના વરિષ્ઠ અગ્રણી કમલ કિશોર જૈન અને પરિવાર કોરોનાથી સંક્રમિત.
- કલ્ચરલ ફોરમના સિનિયર કારોબારી સભ્ય સી.એલ. મહેતા અને તેમના પત્નિ લીનાબેન મહેતા કોરોનાથી સંક્રમિત થયા છે.
- લાયન્સ કલબના વરિષ્ઠ અગ્રણી નટુભાઈ સોલંકી કોરોનાથી સંક્રમિત થયા છે.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી જી.બી. વદર આજથી એક સપ્તાહની રજા પર ગયા છે.
- કૃષિમંત્રી આર.સી. ફળદુના કાર્યાલયમાં ફરજ બજાવતા લાડ અને શ્રમ રોજગાર મંત્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા ધર્મજિત યાજ્ઞિક કોરોનાથી સંક્રમિત થયા છે.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે સુજલામ સુફલામ-૩ ના આયોજન માટે ખાસ બેઠક મળશે.
- ગાંધીનગરમાં કોરોનાનું સંક્રમણ વધતાં નગરજનોમાં ચિંતાની લહેર પ્રસરી જવા પામી.
- મહેસુલ વિભાગમાં ડે. કલેક્ટર ભાવિન સાગર કોરોના પોઝીટીવ આવ્યા છે.
- મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજો બજાવતા રાજકોટના નીરજ પાઠક પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

---

ડો. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય સંચાલિત

# ‘‘સંસ્કૃત સંભાષણ સર્ટિફિકેટ અને ડિપ્લોમા અભ્યાસક્રમ’’નો શુભારંભ

## ભારત દેશને જાણવા માટે સંસ્કૃત ભાષાને જાણવી જરૂરી : રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે ભારત દેશને જાણવા માટે સંસ્કૃત ભાષાને જાણવી અત્યંત જરુરી છે. વેદોથી લઈને તમામ ધર્મગ્રંથોની રચના સંસ્કૃત ભાષામાં થઈ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે વિશ્વના કોઈ પણ દેશ પાસે નથી રાજયપાલશ્રીએ ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરા જાણવા સંસ્કૃત ભાષાની જાણકારી આવશ્યક હોવાનું જણાવ્યું હતું.



ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજીત ‘સંસ્કૃત સંભાષણ સર્ટિફિકેટ અને ડિપ્લોમા અભ્યાસક્રમ’ના લોકાર્પણ સમારોહમાં રાજયપાલશ્રીએ ભારતીય દર્શન અને સંસ્કૃતિને જાણવા માટે સંસ્કૃત ભાષાને જાણવાની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વૈદિક સંસ્કૃતિની ઉત્પત્તિ સાથે સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ થઈ છે. ભારતના એવો જ્ઞાનનો ભંડાર સંસ્કૃત ભાષામાં છે. સંસ્કૃત ભાષામાંના એક એક સૂત્ર, સુભાષિત કે મંત્ર સમગ્ર જીવનને પરિવર્તિત કરવાની શક્તિ ધરાવે છે.

રાજયપાલશ્રીએ સંસ્કૃત વિના જીવન અધુરૂ હોવાનું જણાવી ઉમેર્યું હતું કે ડૉ.બાબાસાહેબ આંબેડકર સમગ્ર દેશને એકતાના સૂત્રથી બાંધવા, નૈતિકતા અને સમરસતાની સ્થાપના માટે સંસ્કૃત ભાષાને મહત્વ આપ્યું હતું. તેમણે સંસ્કૃત ભાષાના મહત્વને સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે ભાષા લુપ્ત થાય ત્યારે સંસ્કૃતિ લુપ્ત થાય છે અને સંસ્કૃતિ સમાપ્ત થાય તો રાષ્ટ્રનો નાશ થાય છે. રાજયપાલશ્રીએ સમસ્ત માનવતાના મંગળ ગાન માટે પણ સંસ્કૃત ભાષાના જ્ઞાનને આવશ્યક ગણાવ્યું હતું અને ડૉ.બાબાસાહેબ આંબેડક ઓપન યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત સંભાષણના અભ્યાસક્રમ શરૂ કરવા બદલ પ્રસંશા કરી હતી.

---

# રાજ્યની હોસ્પિટલોમાં કોરોનાના ૭૦% બેડ ખાલી : નીતિન પટેલ

## રોજ ૨ લાખ વ્યક્તિને વેક્સિન અપાશે : આપણે સૌને ઝડપથી વેક્સિન આપી દઈશું, ૧૩૫૭૦૦૦ નવા કોરોના વેક્સિનના ડોઝ ફાળવી આપવામાં આવ્યા

ગાંધીનગર,તા.૨૨
રાજ્યમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે છતાં ચિંતાનો વિષય નથી. સ્થિતિ ગંભીર નથી એવું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે. તેમણે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે રાજ્યમાં કેસ ભલે વધ્યા પરંતુ ચિંતાનો વિષય નથી. રાજ્યમાં કોરોનાના ૭૦% બેડ ખાલી છે. રાજ્યમાં દર્દીઓને દાખલ કરવા માટે તમામ વ્યવસ્થાઓ કરી રાખી છે પરંતુ હાલમાં જે કેસ આવી રહ્યા છે તે ગંભીર નથી. દર્દીઓ ઘરે સારવાર લઈ રહ્યા છે. આ સંક્રમણ આખા દેશમાં દરેક રાજ્યમાં વધી રહ્યુ છે. જ્યારે સંક્રમણ વધી રહ્યુ હોય ત્યારે જેમની રોગ પ્રતિકારત શક્તિ ઓછી હોય અને પોઝિટિવ દર્દીઓનાં સંપર્કમાં આવ્યા હોય તેમને સંક્રમણ લાગે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું, રાજ્યમાં આપણે સૌને ઝડપથી વેક્સીન આપી દઈશું. ગઈકાલે ૧૩,૫૭,૦૦૦ નવા વેક્સીનના ડોઝ ફાળવી આપવામાં આવ્યા છે. આ ડોઝમાંથી ગાંધીનગરને ૭,૭૭,૦૦૦ નવા ડોઝ ફાળવી આપ્યા છે. રાજકોટ ખાતે ૧,૬૬,૫૦૦ ડોઝ, વડોદરામાં ૨,૧૩,૪૦૦ ડોઝ ફાળવી આપવામાં આવ્યા છે. આ વેક્સીનના ડોઝ સેન્ટર પરથી તમામ સરકારી દવાખાના, પીએચસી, સીએચસી વગેરે જગ્યાએ ફાળવી નાખવામાં આવશે. નાગરિકોને વધુમાં વધુ સારી રીતે વેક્સીન આપવા માટે આરોગ્ય વિભાગ સક્ષમ છે અને સારી કાર્યવાહી કરી રહ્યું છે. ગઈકાલે રજાના દિવસે પણ ૨ લાખ જેટલી રસી આપવામાં આવી છે અને સરકારનો નિર્ધાર છે કે હવે પછી રોજ ૨ લાખ વ્યક્તિને કોરોના વેક્સીન આપવામાં આવશે જેથી જલ્દીથી આ સંક્રમણની ચેન તોડી શકાય. તેમણે ઉમેર્યુ, કોઈ પણ હૉસ્પિટલમાં બેડની સુવિધા ઓછી છે એવું નથી. મોટાભાગના દર્દી ઘરે સારવાર મેળવી રહ્યા છે. ગુજરાત સરકારની જે હૉસ્પિટલમાં કોવિડની સારવારની સુવિધા કરવામા આવી છે તે પૈકીની ૭૦ ટકા બેડ ખાલી છે. તેની સગવડ અને તમામ તૈયારીઓ કરી છે. નીતિન પટેલે ઉમેર્યુ કે રાજ્યની વિધાનસભામાં જે કોઈ પણ સંક્રમિત થશે તે સારવાર લેશે પરંતુ બજેટ સત્ર ટૂંકાવવાનો કોઈ વિચાર નથી. હાલમાં કોરોનાની સ્થિતિ ગત વર્ષ જેવી ગંભીર નથી એટલે સત્ર ટૂંકાવવાનો પ્રશ્ન ઉદભવતો નથી. અગાઉ કહ્યુ તેમ હાલમાં જે દર્દીઓ આવી રહ્યા છે તે ખૂબ પ્રાથમિક લક્ષણો ધરાવતાં દર્દીઓ છે જેમને ઘરબેઠા જ સારવાર મળી શકે એમ હોવાથી ચિંતાનો વિષય નથી.

## ચંદ્રાલા ખાતે નેત્ર નિદાન-ડાયાબિટિસ તપાસ કેમ્પ યોજાયો

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર, લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલ ઓગણજ તેમજ એન.સી.ડી.સેલ. જી.એમ.ઈ. આર.એસ. જનરલ હોસ્પિટલ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન તેમજ ડાયાબીટીસ તપાસ કેમ્પનું આયોજન લાયન જયંતિભાઈ પ્રજાપતિના સૌજન્યથી ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪૯ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. ૧૫૦ લાભાર્થીઓને રાહતદરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૧ મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા જણાયા હતા.

---

# રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન ખાતાની આગાહી

## એક બાજુ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી છે તો બીજી તરફ આગઝરતી ગરમીની શરૂઆત થઇ રહી છે

ગુજરાતમાં આગામી ૨૩ માર્ચ સુધી એટલે કે બે દિવસમાં વાતાવરણ પલટો આવવાની હવામાન ખાતાની આગાહી છે. ત્યારે આજે વહેલી સવારથી જ સુરત જિલ્લાના બારડોલી સહિત આસપાસના વિસ્તારમાં વાતાવરણ બદલાયુ છે. વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસ છવાયુ છે જેના કારમે વિઝિબિલિટીમાં ઘટાડો નોંધાયો છે. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામને કરવો પડી રહ્યો છે. આ સાથે આ પંથકના ખેડૂતોમાં પણ ચિંતા છવાઈ છે. નોંધનીય છે કે, હવામાન વિભાગે ૨૧થી ૨૩ માર્ચ સુધી વાતાવરણમાં પલટાની આગાહી કરી હતી. આગાહી પ્રમાણે, રાજ્યના ગીર સોમનાથ, તાપી, નર્મદામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. એટલું જ નહીં હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી હતી જેથી કેર સહિતના પાકોને નુકસાન થવાની ભીતી છે. હવામાન વિભાગે રાજ્યના ત્રણ જિલ્લાઓમાં વરસાદની આગાહી સાથે જ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અનેક વિસ્તારમાં આગામી બે દિવસમાં કાળઝાળ ગરમીની પણ આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ગુજરાત સિવાય દિલ્હી, હરિયાણા, પંજાબમાં પણ કમોસમી વરસી શકે છે. એક તરફ કમોસમી વરસાદની આગાહી છે તો બીજી તરફ રાજ્યમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ છે. રાજ્યમાં ઉત્તર-પશ્ચિમ ઉતરના પવનો ફૂંકાતાની સાથે મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી આસપાસ પહોંચી ગયું છે. આ વર્ષે હવામાન વિભાગે પૂર્વાનુમાન જાહેર કર્યું હતું ઉનાળામાં સામાન્ય કરતા તાપમાન ઊંચું રહેશે. સાથે જ હવામાન વિભાગે દરિયા કિનારા વિસ્તારો સોમનાથ, દીવ અને પોરબંદરમાં હિટવેવની આગાહી પણ આપી હતી. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે, તારીખ ૨૧થી ૨૩ માર્ચ દરમિયાન ઉત્તરીય પર્વતીય પ્રદેશો પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશના કેટલાંક ભાગ તેમજ કચ્છ, ગુજરાતના વિવિધ ભાગોમાં ધુળકણ સાથે કમોસમી વરસાદ કે કરા પડવાની શક્યતા છે. આ દરમિયાન દક્ષિણ ભારતના ભાગોમાં પણ વરસાદની ગતિવિધી રહેશે. તમિલનાડું, કર્ણાટક, દક્ષિણ મહારાષ્ટ્રના ભાગો અને દક્ષિણ ગુજરાતના ભાગોમાંપણ હવામાનમાં પલટો આવી શકે છે. તા. ૨૧થી ૨૩ અને ૨૬ અને ૨૭ માર્ચે પણ હવામાનમાં પલટો આવી શકે છે.

---

# ભાજપનાં એસસી મોરચાની રાષ્ટ્રીય કારોબારીમાં ગાંધીનગરના પૂનમભાઈ મકવાણાને સ્થાન

## આત્મારામ પરમાર અને ભાનુબેન બાબરીયાને સ્થાન : ૫ આગેવાનોને કારોબારીમાં જગ્યા મળી, દર્શનાબેન વાઘેલાને મળ્યું સ્થાન, ઈશ્વર પરમારનો સ્થાયી આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ

ગાંધીનગર,તા.૨૨
ભાજપ દ્વારા એસસી મોરચાની રાષ્ટ્રીય કારોબારીની જાહેરાત કરી દેવામાં આવી છે. રાજયનાં ૫ આગેવાનોને કારોબારીમાં સ્થાન મળ્યું છે. જેમા દર્શનાબેન વાઘેલા, પુનમભાઈ મકવાણા, આત્મારામ પરમાર, ભાનુબેન બાબરીયા અને ઈશ્વર પરમારનો સ્થાયી આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આપને જણાવી દઈએ કે, ભાજપનાં સંગઠનને મજબૂત બનાવવાનાં હેતુથી વિવિધ લોકોનો સમાવેશ કરવામા આવી રહ્યો છે. તે જ રીતે ભાજપનાં અનુસૂચિત જાતિ રાષ્ટ્રીય મોરચાની સત્તાવાર રીતે જાહેરાત કરવામા આવી છે. જેમા ગુજરાતનાં ૫ લોકોને સ્થાન મળ્યુ છે.

જેમા બે મહિલા ભાજપનાં નેતાઓનો સમાવેશ થાય છે. દર્શનાબેન વાઘેલા કે જેઓ અમદાવાદનાં પૂર્વ મેયર રહી ચુક્યા છે, તેઓનો અહી સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાનુબેન બાબરીયા કે જેઓ પૂર્વ ધારાસભ્ય રહી ચુક્યા છે, તેઓનો સમાવેશ કરવામા આવ્યો છે.

આ ઉપરાંત પુનમભાઈ મકવાણા અને આત્મારામ પરમાર તેમજ ઈશ્વર પરમારનો સમાવેશ કરવામાં આવ્યો છે. કહી શકાય કે, અનુસૂચિત જાતિનાં પ્રશ્નોને રજૂ કરવા માટે અને તેમની સમસ્યાઓને દૂર કરવા આ રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાતનાં ૫ આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

---

# અંબાજી મંદિરમાં ટૂંકા વસ્ત્રો સાથે પ્રવેશ નહીં આપવા નિર્ણય

બનાસકાંઠાના અંબાજી મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરેલા ભક્તોને પ્રવેશ આપવા નહીં આવે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. અંબાજી મંદિર ટ્રસ્ટે મંદિરના પ્રવેશ દ્વાર પર બોર્ડ લગાવીને આ અંગેની માહિતી આપી છે. આ પહેલા અરવલ્લીની ગિરિમાળાઓમાં બિરાજમાન ભગવાન શામળિયાના મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરીને આવતા દર્શનાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. અંબાજી મંદિરના પ્રવેશદ્વાર પર લગાવેલા બોર્ડમાં જણાવવામાં આવ્યું છે કે, નમ્ર વિનંતી ભારતીય સંસ્કૃતિની ગરિમા જળવાય તેવો પોષાક પહેરીને જ મંદિર સંકુલમાં પ્રવેશ કરવા વિનંતી. ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિર સંકુલમાં પ્રવેશ ન કરવા વિનંતી. મહત્તવનું છે કે, અંબાજી મંદિરમાં રોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે. ત્યારે તમામ ભક્તજનોએ આ અંગે હવે સાવચેતી રાખવી પડશે. ઉલ્લેખનીય છે કે, દેશ અને રાજ્યભરમાંથી હજારો પ્રવાસીઓ અંબાજી મંદિર ખાતે આવતા હોય છે. લોકો મા અંબાના દર્શન કરી ધન્ય બનતા હોય છે, ત્યારે હવે મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરમાં એક મર્યાદા સાથે સંકૃતિનું પાલન થાય તે માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાંથી અલગ અલગ સ્થળો પરથી આવતા શ્રદ્ધાળુઓ બરમુડા, સ્કર્ટ જવા ટૂંકા વસ્ત્રો પહેરીને આવતા હોય છે. આ કારણે મંદિરમાં અન્ય લોકો પણ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાતા હોય છે. મહત્તવનું છે કે, શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટની બેઠકમાં ટૂંકા વસ્ત્રો પહેરીને દર્શન પર પ્રતિબંધનો નિર્ણય લેવામાં આવ્યો છે.



**પિચકારી અને રંગોનું બજારમાં આગમન**

હોળીના તહેવારને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બજારમાં પિચકારી અને રંગો જોવા મળી રહ્યા છે. જોકે, સરકારે ધૂળેટીમાં રંગ નહીં ઊડાડવાના કરેલા આદેશ બાદ બજારમાં સન્નાટો છવાઈ ગયો છે.

---

# રાજયના ૧૦ જિલ્લાઓમાં એક જ અઠવાડિયામાં કોરોનાના કેસ બમણા

## સુરતમાં કેસોમાં ૧૧૬%નો અને અમદાવાદમાં ૧૧૨%નો વધારો

ગાંધીનગર,તા.૨૨
ગુજરાતના સાપ્તાહિક કેસોના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, રાજ્યમાં સાત દિવસમાં કેસોમાં ૮૨%નો વધારો નોંધાયો છે, જે દિવાળી બાદના સમયગાળા કરતાં પણ વધારે છે. હકીકતમાં, ૩૩ જિલ્લામાંથી ૧૦ અથવા રાજ્યના ૩૦% જિલ્લાઓમાં છેલ્લા સાત દિવસમાં કેસનો આંકડો બમણો થયો છે. આણંદ (-૯.૮%) અને ગીર સોમનાથ (-૧૭.૯%) એમ માત્ર બે જિલ્લાઓમાં નેગેટિવ ટ્રેન્ડ જોવા મળ્યો છે, જ્યાં ૩૧ નવા કેસો નોંધાયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧,૫૮૦ કેસ ઉમેરાયા છે જ્યારે ૭ દર્દીઓના મોત થયા છે.

ચાર મોટા જિલ્લાઓમાંથી, સુરતમાં કેસોમાં ૧૧૬%નો (૧,૨૭૦થી ૨,૭૪૬) વધારો જોવા મળ્યો છે. જ્યારે અમદાવાદમાં ૧૧૨%નો (૧,૦૫૨થી ૨,૨૩૨) વધારો થયો છે. રાજકોટ અને વડોદરામાં અનુક્રમે ૭૨% અને ૨૨%નો વધારો નોંધાયો છે. ઓછામાં ઓછા ૨૦ નવા કેસ નોંધાવતા જિલ્લાઓમાં સુરેન્દ્રનગર (૯ કેસમાંથી ૨૯) અને નર્મદામાં (૨૧ કેસમાંથી ૮૭) કેસ ત્રણ ગણા છે.

હકીકતમાં, અમદાવાદ અને સુરતમાં ૧૫થી ૨૧ માર્ચની વચ્ચે ૫૭% કેસ હતા. ૮થી ૧૪ માર્ચની વચ્ચે બંને જિલ્લાઓની સંખ્યા ૪૮ ટકા વધી હતી. બંને જિલ્લાઓમાં છેલ્લા સાત દિવસમાં ૨૬માંથી ૧૯ મોત થયા છે, જેમાં દર ૧૦ મૃત્યુમાંથી ૭ મૃત્યુ નોંધાયા છે. પ્રમાણમાં થોડો ઘટાડો થયો છે કારણ કે, છેલ્લા અઠવાડિયામાં બંને જિલ્લાઓમાં નવમાંથી સાત અથવા ૭૮% મૃત્યુ નોંધાયા હતા.

ગુજરાતમાં ૮૨%ના વધારાની સરખામણીમાં, રસીકરણ બાદ ગુજરાતમાં એક અઠવાડિયા ૮૯%નો વધારો નોંધાયો હતો. ૮થી ૧૪ માર્ચની વચ્ચે ૫.૬૮ લાખ લોકોને પહેલો ડોઝ આપવામાં આવ્યો હતો. નિષ્ણાતો વહેલામાં વહેલી તકે તેવા લોકોને રસી આપવાની સલાહ આપી છે જેમને ‘સુપર સ્પ્રેડર્સ‘ તરીકે ઓળખવામાં આવે છે.

---

# ચૂંટણીના કારણે કોરોના વધ્યો, કોંગ્રેસ પાર્ટી પણ દોષિતઃ ધારાસભ્ય વિરજી ઠુમ્મર

ગાંધીનગર,તા.૨૨
કોરોનાના કેસ વધતા જનભાવનાઓ સાથે હવે નેતાઓ પણ જોડાયા છે. કોંગ્રેસના ધારાસભ્યએ આખરે કબૂલાત કરી છે કે કેસ વધવા પાછળ ચૂંટણીઓ જવાબદાર છે.

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર ચાલી રહી છે. દિવસેને દિવસે કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે રાજકીય પાર્ટીઓ અને સરકાર પર આક્ષેપો લાગી રહ્યા છે કે ચૂંટણીઓના કારણે કોરોના વધ્યો છે. આ વચ્ચે સોમવારે ગૃહની કામગીરી દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મરે કબૂલાત કરી છે.

વીરજી ઠુમ્મરે કહ્યું કે, કે ચૂંટણીના કારણે રાજયમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. કેસ વધવા પાછળ કોંગ્રેસ પાર્ટી પણ એટલી જ દોષિત છે. ચૂંટણીમાં તાયફાઓ કર્યા માટે કેસ વધ્યા છે. સાથે જ ઠુમ્મરે કહ્યું કે કોરોનાના કારણે મધ્યમ વર્ગની ગરીબી રેખા વધુ નીચે પહોંચી છે.

---

# ઝાયડસ ડાયાબિટીસ કલબનું ઉદ્દઘાટન

ઝાયડસ હોસ્પિટલ દ્વારા ઘાટલોડિયા, પ્રભાતચોક ખાતે એક યુનિટ ઝાયડસ ડાયાબિટીસ ક્લબનું ઉદ્દઘાટન નામાંકિત ડૉ. વી.એન. શાહના શુભ હસ્તે રાખવામાં આવ્યુ હતુ. આ ક્લિનિકમાં અમદાવાદના પ્રખ્યાત ફિઝિશિયન તથા ડાયાબિટોલોજિસ્ટ ડૉ. કિરીટ એન. કુબાવત, જે છેલ્લા ૨૫ વર્ષથી આ ક્ષેત્રે ખુબ સારી નામના ધરાવે છે તે પોતાની સેવા આપશે. ડાયાબિટીસ ક્ષેત્રે ડૉ. કિરીટ એન. કુબાવત ખુબ જ લાંબો અનુભવ ધરાવે છે અને તેમના આ અનુભવોનો લાભ દરેક ડાયાબિટીસના દર્દીઓને ચોક્કસ મળશે. આ ડાયાબિટીસ ક્લબની ખાસિયત એ છે કે તેમના દર્દીઓની જરૂરિયાત પ્રમાણે ખુબ જ બેઝીકથી મહિને વાર્ષિક પેકેજ બનાવેલ છે જે દર્દીને પરવડી શકે. આ ક્લબની બીજી એ ખાસિયત છે કે ડૉ. કિરીટ એમ. કુબાવત દ્વારા એક ખુબ જ સુંદર અને માહિતી સભર બુકલેટ બનાવામાં આવેલ છે.

**Gandhinagar District Co.Op. Milk Producer’s Union Ltd.**

Tender Invited for below mentioned work for Gandhinagar District Co.Op. Milk Producer’s Union Ltd. You can collect the tender from below address by paying Rs. 1000/- (non-refundable). The Bidder should submit Technical Bid, tender Fee and EMD in cover separately. The right is reserved to Managing Director ro accept, reject of cancel the tender/offer.

| Sr. no. | Work Description | Tender Collection start date | Tender collection last date | Last Date of tender submission |
|---|---|---|---|---|
| 1 | ANC for computer, printer, NAS server and LAN Networking | 23/03/2021 | 30/03/2021 | 31/03/2021 |

Managing Dirctor
Gandhinagar District Co.Op. Milk Producer’s Union Ltd.
Madhur Dairy, “K” Road, G.I.D.C., Electronics Estate, Sector-25, Gandhinagar-382024, 07923287135